વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

JULY -2025

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.



## ‘આ અનુકૂળતા ઠીક છે’ – એ ધોખામાં રહીશ નહી !!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

એક વિચાર કરવા જેવો છે કે, આ જીવન ચાલ્યું જાય છે એમાં કોઈ **extension** મળતું નથી. મુદત નથી મળતી એમાં કે ભાઈ ચાલો, તમારે થોડુંક કામ બાકી રહી ગયું છે પાંચ વર્ષ તમને ગ્રાંટ કરી દઈએ છીએ. પાંચ વર્ષ પછી અહીંથી જાજો. એવું નથી. જીવન પાણીના પૂરની જેમ ચાલ્યું જાય છે, રોક્યું રોકાય એવો સમય (નથી). **time and tide wait for none** કોઈના માટે એ રોકી શકાય એવું નથી. જો આ તીખી રુચિથી ભેદજ્ઞાન ન કર્યું તો જે સમય ગયો તે હાથ આવે એવું નથી. એટલે સમય જાય છે એ કિંમતી સમય જાય છે, મોટું નુકસાન જાય છે, એ વાત ઉપર એનું લક્ષ જાય તો થોડોક અંદરમાં સાવધાન થાય નહીંતર બફમ્‌માં ને બફમ્‌માં સમય નીકળી (જાય). આ તો કાંઈ આયુષ્ય નથી, સો-પચાસ વર્ષના આયુષ્ય તો, એ પણ ઠેકાણા વગરના, ક્યારે કોનું રામ નામ બોલાઈ એ કાંઈ કહેવાય નહીં પણ દેવોના અબજો ના અબજો વર્ષના, સાગરોપમના આયુષ્ય ‘અનુકૂળતામાં ઠીક છે’ એમાં ચાલ્યા જાય છે. એક નાટક જોવા બેસે અને દસ હજાર વર્ષ નીકળી જાય. એ ત્યાં તો એ જાતની બધી વ્યવસ્થા એવી છે, અહીંયાં શહેરમાં મોટી વ્યવસ્થા હોય છે એ કાંઈ નથી એવી વ્યવસ્થા ત્યાં હોય છે તો એ સમય ક્યાં જાય એની ખબર પડે નહીં. રસ પડે એટલે સમયની ખબર પડે નહીં. એ લક્ષ રાખે તો એને કાંઈ આત્મકાર્ય કરવાની ચટપટી લાગે. અંદરમાં ચટપટી ઉત્પન્ન થયા વિના એના કામ કરવાનો પુરુષાર્થનો એની ઉત્સુકતા, ઉદ્યમની ઉત્સુકતા આવવી એ જ્યાં સુધી ન બને ત્યાં સુધી કેમ કામ થાય ?

‘ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે.’ પાછળ પડી જાય. આ એક જ જીવનમાં કરવા યોગ્ય કાર્ય છે ને એની પાછળ પડી જાય. દુનિયા આખી ભલે રસાતાળમાં જાય મારે કોઈનું કામ નથી. આમ એકદમ જોરથી એને બીજાનો નિષેધ આવે અને સ્વકાર્ય કરવાનો ઉત્સાહ જાગે એ જ કામ કરે છે.

(પ્રવચનાંશ...‘બહેનશ્રીના વચનામૃત’-૧૩૮, ‘અધ્યાત્મ સુધા’ ભાગ-૪, તા.-૨૦-૬-૧૯૮૭, પ્ર.ક્ર.-૧૦૨, પાનું -૨૧૬)


## આભાર

‘સ્વાનુભૂતિપ્રકાશ’ (જૂલાઈ-૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
**સ્વ. સ્વાતી જૈનના સ્મરણાર્થે,**
**હસ્તે શ્રીમતી બેલાબેન જૈન, ભાવનગર**
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૩૧, વર્ષ–૨૭, જૂલાઈ–૨૦૨૫

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
## શ્રી 'પરમાગમસાર' માંથી ચુંટેલા કહાનરત્ન કિરણો



ત્રણ લોકનો નાથ આત્મવસ્તુ અભેદ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ગુણ-ગુણીના ભેદમાં લક્ષ રહેતાં વિકલ્પ ઉઠશે, રાગ થશે, બંધન થશે, તેથી ગુણ-ગુણીના ભેદને જાણતો નથી. એમ અલોપ કરી દેને ! અને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં દષ્ટિ દેને ભાઈ ! દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દર્શન છે. પણ દ્રવ્ય ને ગુણની દષ્ટિ તે સમ્યગ્દર્શન છે એમ નથી કહ્યું. ૧૩૫.

*

પહેલા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે પહેલાં ભેદ આદિના વિકલ્પો હોય છે, પણ પછી પર્યાયને સંક્ષેપી નાખે છે અને ગુણ-ગુણીના ભેદને ટૂંકા કરી નાખે છે. સંક્ષેપી નાખે છે તેનો અર્થ શું !- કે તેના ઉપરનું લક્ષ છોડી દે છે ને અનંતા... અનંતા ગુણોને જે પી ગયું છે એવું જે દ્રવ્ય છે તેને ધ્યેય બનાવીને કેવળ આત્માને જાણતાં ક્ષણે-ક્ષણે મલિનતા નાશ પામે છે, ને વીતરાગતા પ્રગટે છે. મલિનતાનો ક્ષય થતો જાય છે. કરવો પડે છે એમ નથી કહ્યું-કેમ કે ક્ષણે-ક્ષણે નાશ પામતી જાય છે. ૧૩૬.

*

જ્યાં સુધી પરિપૂર્ણ સ્વભાવની દષ્ટિ નથી ત્યાં સુધી પર્યાય ઉપર દષ્ટિ હોવાથી તે કાળે એટલે કે મિથ્યાત્વદશાના કાળે રાગાદિનો કર્તા થાય છે. ૧૩૭.

*

જગતમાં સાર કોણ ? - કે નિજ શુદ્ધ જીવવસ્તુ તે સાર છે, તે જ હિતકારી છે અને તેને જાણતાં પર્યાયમાં જ્ઞાન તથા સુખ પ્રગટે છે કેમ કે શુદ્ધ જીવવસ્તુમાં જ્ઞાન અને સુખ છે અને તેથી જ તે સારરૂપ હોવાથી નમસ્કાર યોગ્ય છે, આદરવા યોગ્ય છે. ૧૩૮.

*

જિનવરે કહેલો વ્યવહાર પોતે જ સમ્યક્ત્વસ્વરૂપ નથી અને તે સમ્યક્ત્વનું કારણ નથી. જ્ઞાયક ભગવાન પોતે જ સમ્યક્ત્વનું કારણ છે. તથા સ્વના જ્ઞાન ને સ્વની શ્રદ્ધા વિના જિનવરે કહેલો વ્યવહાર પાળે તોપણ તે સંસારનું કારણ છે. ૧૩૯.

*

બાર-અંગનું જ્ઞાન પૂર્વે કદી થયું નથી છતાં તે વિસ્મયકારી નથી પણ તેમાં કહેલો ભગવાન આત્મા તે વિસ્મયકારી છે. જે જ્ઞાનમાં આત્મા કારણ ન થાય તે જ્ઞાન નહીં. અહીં તો અભેદથી આત્મા તે જ્ઞાન એમ કહ્યું પણ એમ કહીને પાછું કહ્યું એમ કે આત્મા તેમાં કારણ છે, હેતુ છે, નિમિત્ત છે. પરંતુ એમ કહ્યું નથી કે આત્મા જ્ઞાનની પર્યાયમાં આવી ગયો. આત્માનું જ્ઞાન પર્યાયમાં આવ્યું છે પણ આત્મા પર્યાયમાં આવ્યો નથી. ૧૪૦.

*

જે કાંઈ શાસ્ત્રનું જ્ઞાન થાય તેમાં શબ્દ નિમિત્ત છે. તેથી તે જ્ઞાનને શબ્દશ્રુતજ્ઞાન કહે છે પણ તે આત્મજ્ઞાન નથી. ખરેખર તો શબ્દશ્રુતજ્ઞાનમાં જ્ઞાનનું જે પરિણમન છે તે આત્માનું પરિણમન જ નથી, કેમ કે જેમ પુદ્ગલની ઠંડી ગરમ આદિ અવસ્થા જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે, પણ શીત-ઉષ્ણપણે પરિણમવું તે જ્ઞાનનું કાર્ય નથી, તે તો પુદ્ગલનું કાર્ય છે, તેમ નવ તત્ત્વોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને વ્યવહારચારિત્ર તે ત્રણે રાગ છે ને આત્માનું રાગપણે પરિણમવું અશક્ય છે. ૧૪૧.

*

જે જ્ઞાનમાં શબ્દશ્રુત આધાર છે પણ આત્મા આધાર નથી તે શબ્દશ્રુતજ્ઞાન છે, તેનાથી આત્મજ્ઞાન થતું નથી. શબ્દશ્રુતને જાણવાનો જેટલો વિકલ્પ છે તે જ્ઞાન પરલક્ષી છે. વીતરાગના શાસ્ત્રોનું જ્ઞાન છે તે પરલક્ષી જ્ઞાન હોવાથી પરલક્ષી જ્ઞાનનો નિષેધ કર્યો છે. ૧૪૨.

*

પ્રશ્ન :- પર્યાય દ્રવ્યથી (ધ્રુવ) ભિન્ન કે અભિન્ન ? કઈ રીતે ?

ઉત્તર :- (ધ્રુવ) દ્રવ્ય છે તે પર્યાયથી ભિન્ન છે કેમ કે ધ્રુવ છે તેમાં પર્યાય નથી ને પર્યાયમાં ધ્રુવ આવતો નથી એટલે ધ્રુવ પર્યાયને સ્પર્શતો નથી. પરંતુ પરથી ભિન્ન પાડવા માટે એમ કહેવાય કે દ્રવ્યની પર્યાય છે. પણ તેનો અર્થ એ નથી કે સામાન્ય દ્રવ્ય ને વિશેષ પર્યાય બે ધર્મો એકરૂપ થઈ જાય છે. ખરેખર તો બંને ધર્મો એકબીજાને સ્પર્શતા નથી. ૧૪૩.

*

પ્રશ્ન :- આગમનો વ્યવહાર અને આધ્યાત્મનો વ્યવહાર એટલે શું ?

ઉત્તર :- સ્વરૂપની દૃષ્ટિ થતાં જે શુદ્ધ પરિણમન થાય તે આધ્યાત્મનો વ્યવહાર છે અને મહાવ્રત, ત્રણ ગુપ્તિ આદિ શુભરાગ તે આગમનો વ્યવહાર છે. ૧૪૪.

*

પ્રશ્ન :- કોઈ અપેક્ષાએ દ્રવ્ય પરિણામી છે ને ?

ઉત્તર :- (ધ્રુવ) દ્રવ્ય તો અપરિણામી છે. બંધ મોક્ષના પરિણામને દ્રવ્ય કરતું નથી, પણ પર્યાય દૃષ્ટિથી કહેવું હોય તો પર્યાય ધ્રુવમાંથી આવે છે ને ધ્રુવમાં જાય છે તેથી પર્યાય અપેક્ષાએ

દ્રવ્ય પરિણમન કરે છે. દ્રવ્ય દષ્ટિએ નિષ્ક્રિય છે, પર્યાય દષ્ટિ અપેક્ષાએ સક્રિય છે. ૧૪૫..

*

પ્રશ્ન :- પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહીં ને અનાદિ મિથ્યાદષ્ટિને સ્વલક્ષી જ્ઞાન નથી તો સાધન શું ?

ઉત્તર :- રાગથી ભિન્ન પડવું તે સાધન છે. પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિને સાધન કહો, તે એક જ સાધન છે. ૧૪૬.

*

પ્રશ્ન :- પરિણામી નિશ્ચયથી પોતાના પરિણામનો કર્તા છે અને વળી પૂર્વ પર્યાયનો વ્યય કર્તા છે તે કઈ રીતે ?

ઉત્તર :- ખરેખર તો ઉત્પાદની પર્યાયનો કર્તા ઉત્પાદ જ છે. પણ અભેદ ગણીને ઉપચારથી પરિણામીને કર્તા કહેવાય. પરંતુ (ધ્રુવ) દ્રવ્ય તો પરિણમતું જ નથી. ધ્રુવ દ્રવ્ય તો નિષ્ક્રિય છે, પલટે છે તે પર્યાય છે. વ્યયને ઉત્પાદનો કર્તા કહેવું તે પણ વ્યવહાર છે. ષટ્કારકના પરિણામ, ધ્રુવ અને વ્યયની અપેક્ષા વિના, સ્વયંસિદ્ધ ઉત્પાદ થાય છે. ૧૪૭.

*

જિજ્ઞાસુને પહેલા એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય, આયુષ્ય બંધાઈ ગયું હશે તો ! એવી શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી બંધાએલો પોતે છે તેને જો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું જોઈએ. ૧૪૮.

*

પ્રશ્ન :- આત્મામાં જે શુભાશુભ ભાવો થાય છે તેનું મૂળ ઉપાદાન કોણ ?

ઉત્તર :- અશુદ્ધ ઉપાદાનથી આત્મા પોતે શુભાશુભ ભાવમાં વ્યાપક થઈને કરતો હોવાથી આત્મા તેનો કર્તા છે અને શુદ્ધ ઉપાદાનથી જોઈએ તો પુણ્ય-પાપ ભાવ તે આત્માનો સ્વભાવભાવ ન હોવાથી અને તે પુદ્ગલના લક્ષે થતા હોવાથી તે પુદ્ગલનું કાર્ય છે. પુદ્ગલ તેમાં વ્યાપક થઈને કર્તા થાય છે. જ્યારે સ્વભાવ ઉપર દષ્ટિ જાય છે ત્યારે જ્ઞાની. યોગ અને ઉપયોગ (રાગ) નો સ્વામી થતો ન હોવાથી જ્ઞાની તેનો કર્તા નથી પણ જ્ઞાનીના જ્ઞાનમાં રાગ નિમિત્ત થાય છે. ૧૪૯.

*

જેમ ભક્તિ આદિ બંધનું કારણ છે તેમ શાસ્ત્રભણતર પુણ્યબંધનું કારણ છે. પણ તેમાંથી નીકળીને જ્ઞાયકનો અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે. શાસ્ત્ર કહે છે શું ? આચારાંગાદિમાં કહે છે શું – કે આત્માનો અનુભવ કરવો. પરથી, રાગથી ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન કરવું તે શાસ્ત્ર ભણતરનો ગુણ છે પણ અભવીને તેનો અભાવ હોવાથી તે અજ્ઞાની છે, આત્મા શુદ્ધજ્ઞાનમય છે કે જે શાસ્ત્રજ્ઞાનના વિકલ્પથી પણ રહિત છે. એવા આત્માનું જેને જ્ઞાન નથી તે શાસ્ત્ર ભણ્યો પણ તેથી શું ? ૧૫૦.

*

પ્રશ્ન :- તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં ?

સમાધાન :- આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ

શાશ્વત આનંદની મૂર્તિ છે, તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો. કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું ?– કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો, તે શાસ્ત્ર ભણતરનો લાભ છે. એટલે કે આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રઅભ્યાસનું તાત્પર્ય છે. ૧૫૧.

*

પ્રશ્ન :– પર્યાય દ્રવ્યને અડતી નથી તો આનંદ કેવી રીતે આવે ?

ઉત્તર :– પર્યાય દ્રવ્યને અડતી ન હોવા છતાં પૂરા દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે, તોપણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ધર્મી અને ધર્મ બે વસ્તુ છે. પર્યાય વ્યક્ત છે ને ધ્રુવવસ્તુ અવ્યક્ત છે. બે એક દ્રવ્યના ધર્મ હોવા છતાં વ્યક્ત અવ્યક્તને અડતું નથી, પરંતુ પર્યાયનું લક્ષ દ્રવ્ય સન્મુખ છે. તેથી પર્યાય આનંદરૂપ પરિણમે છે. ૧૫૨.

*

પ્રશ્ન :– અમે આત્માનું ધ્યાન તો ઘણું કરીએ છીએ પણ આત્માનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તર :– આત્માનો ખરો પ્રેમ આવવો જોઈએ. જેમ બાળકને વ્હાલી માતા દેખાતા અને યુવાનને વ્હાલી સ્ત્રી દેખતા અંતરથી પ્રેમ આવે છે, પ્રેમ ઉભરાય છે. તેમ અંતરથી આત્માનો સાચો પ્રેમ આવે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. આત્માનો અનુભવ થતો નથી તેનું કારણ હજુ આત્મા પ્રત્યે ખરો પ્રેમ જાગ્યો નથી. ૧૫૩.

*

પ્રશ્ન :– આચાર્યદેવે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે છ માસ અભ્યાસ કરવા કહ્યું છે અને અમને તો ૨૫-૩૦ વર્ષથી થતું નથી તો કઈ વિધિ બાકી રહી જાય છે ?

ઉત્તર :– અંતરના ઊંડાણમાંથી રુચિ ને લગની લાગવી જોઈએ, તે વિધિ બાકી રહી જાય છે. છ માસ સુધી અંદર ધૂન લાગવી જોઈએ. જો આત્માના લક્ષે છ માસ આત્માની ધૂન લાગે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. ૧૫૪.

*

નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નહીં, સ્વર્ગના દેવને નરકના દુઃખની ગંધ નહીં, રાગમાં ધર્મની ગંધ નહીં, પરમાણુમાં પીડાની ગંધ નહિ, સૂર્યમાં અંધકારની ગંધ નહિ અને સુખ સ્વભાવમાં સંસારદુઃખની ગંધ નહિ. ૧૫૫.

*

પ્રશ્ન :– સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ શું છે ?

ઉત્તર :– પરનો કર્તા આત્મા નથી, રાગનો પણ કર્તા નથી, રાગથી ભિન્ન જ્ઞાયક મૂર્તિ છું – એવી અંતરમાં પ્રતીતિ કરવી એ વિધિ છે. અહાહા! આવો સમય મળ્યો છે એમાં તો આત્માને રાગથી જાુદો કરી દેવાનો આ કાળ છે. ૧૫૬.

*

જયધવલમાં આવે છે કે, થાંભલાની એક હાંસ-પહેલ ખ્યાલમાં આવતાં આખો થાંભલો ખ્યાલમાં આવી જાય છે તેમ મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અવયવ છે. તેથી તે એક અંશનુ જ્ઞાન થતાં કેવળજ્ઞાનની પ્રતીત આવી જાય છે. ૧૫૭.

*

પ્રશ્ન :– સમ્યગ્દ્રષ્ટિનો ઉપયોગ પરમાં હોય

ત્યારે સ્વપ્રકાશક છે ?

ઉત્તર :– સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે પણ (જ્ઞાન) સ્વપ્રકાશક છે પણ ઉપયોગરૂપ પરપ્રકાશક વખતે ઉપયોગરૂપ સ્વપ્રકાશક ન હોય અને ઉપયોગરૂપ સ્વપ્રકાશક હોય ત્યારે ઉપયોગરૂપ પરપ્રકાશક ન હોય પણ જ્ઞાનનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક જ છે. ૧૫૮.

*

પ્રશ્ન :– ચૈતન્યતત્ત્વનો રસ લગાડવાથી શું લાભ થાય ?

ઉત્તર :– ચૈતન્યતત્ત્વનો રસ લગાડવાથી આત્મામાં સંસ્કાર પડે છે. સંસ્કાર દૃઢ થાય છે.

પ્રશ્ન :– સંસ્કારથી લાભ થાય ?

ઉત્તર :– ભેદજ્ઞાનના સંસ્કાર દૃઢ થતાં થતાં ફડાક દઈને સ્વાનુભવ થઈ જાય છે. ૧૫૯.

*

પ્રશ્ન :– એકદમ આત્મામાં કેમ જવાય ?

ઉત્તર :– રાગથી જુદો પડતા એકદમ આત્મામાં જવાય છે. આ હું નહીં, આ હું નહીં, રાગ તે હું નહીં ને આ જ્ઞાનમૂર્તિ તે જ હું એમ અંદર ચાલતાં ચાલતાં આત્મામાં આવી જવાય છે. પણ એ વાતો બહુ આકરી છે. અલૌકિક છે. છતાં અંદર પ્રયત્નથી થઈ શકે તેવી છે. ૧૬૦.

*

દરેક દ્રવ્યની પર્યાય તેના સ્વકાળે ષટ્કારકથી સ્વતંત્ર જ પરિણમે છે. આ સૂક્ષ્મ વાત છે. જૈનદર્શન વસ્તુસ્થિતિનું વર્ણન કરે છે. ૧૬૧.

*

પ્રશ્ન :– આત્મા જાણવાની કોશિશ કરીએ છીએ છતાં આત્મા જાણવામાં કેમ નથી આવતો?

ઉત્તર :– સાચી કોશિશ કરી નથી. કોશિશ ઊંધી કરે છે. પુણ્યમાં એકતા કરે છે. રાગમાં એકતા કરી લાભ માને છે. વ્રતાદિમાં લાભ માની અભિમાન કરે છે. એ બધી વિપરીત બુદ્ધિ છોડીને જ્ઞાયકમૂર્તિ આત્માની સન્મુખ દેખે ત્યારે આત્મા જાણવામાં આવે છે. ૧૬૨.

*

યોગીન્દ્રદેવે તો ચોખ્ખું કહ્યું છે કે હિંસા, જૂઠું, ચોરી આદિ તો પાપ ભાવ છે. પણ દયા–દાન–પૂજા–ભક્તિ આદિનો શુભરાગ પણ પરમાર્થે પાપ છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત કરે છે ને ! અહાહા! પાપને તો પાપ સહુ કહે છે પણ અનુભવી જીવ તો પુણ્યને પાપ કહે છે. બહુ ઝીણી વાત છે, અંતરથી સમજે તો સમજાય તેવી છે. ૧૬૩.

*


પ્રશ્ન :– જ્ઞાનીને દુઃખ જણાય છે કે વેદાય છે?

ઉત્તર :– જ્ઞાનીને દુઃખ જણાય છે ને વેદાય પણ છે. જેમ આનંદનું વેદન છે તેમ જેટલું દુઃખ છે એટલું દુઃખનું પણ વેદન છે. ૧૬૪.

*

જાણન–દેખન સ્વભાવ માત્રની દૃષ્ટિ કરતા નવતત્ત્વરૂપ પરિણમન અભેદમાં તો છે નહીં, ચેતનાસ્વભાવમાત્ર વસ્તુમાં ભેદ તો છે નહી તેથી તેને જૂઠા કહી દીધા. પર્યાય પર્યાય તરીકે સત્ય છે, પણ લક્ષ કરવા માટે જૂઠી છે. દયા–દાન આદિ તો રાગ છે, તે લક્ષ કરવા લાયક નથી. પણ સંવર–નિર્જરા તે પણ લક્ષ કરવા લાયક નથી. જાણવા લાયક છે. ૧૬૫.

# જીવને અધોગતિમાં જાવાનું કારણ - કુટુંબમોહ અને પરમાં મારાપણું !



## શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૧૦ પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(ગતાંક થી આગળ...)

ગુરુદેવ હતા ને ! તેમની સાથે એક પ્રસંગ બન્યો હતો. તેમનો પુણ્યયોગ તો ઘણો હતો. મનુષ્યમાં ઈર્ષ્યા વધારે હોય છે. કોઈનું પણ સારુ દેખાય તો ઈર્ષ્યા બહુ થાય છે. એ એક મનુષ્ય સ્વભાવ થઈ ચૂક્યો છે. દેવોમાં પણ હોય છે તો મનુષ્યમાં તો હોય જ ને ! (ગુરુદેવશ્રીનો) ત્રણે સંપ્રદાયમાં વિરોધ થતો હતો. સ્થાનકવાસી સંપ્રદાયમાંથી નીકળ્યા તો કહ્યું કે, આ સંપ્રદાય જ ગૃહીત મિથ્યાત્વનો છે માટે અમે નહીં રહીએ. એટલે તે લોકો ગરમ થઈ ગયા. (અને બોલ્યા કે) અમને ગાળો આપે છે. શ્વેતાંબર સાધુઓ હતા તો (ગુરુદેવ) વસ્ત્રધારીને પણ સાધુ નહોતા માનતા. (એટલે) તે લોકો પણ ગરમ થઈ ગયા. (બોલ્યા કે) શું અમે સાધુ નથી ? આટલો ત્યાગ કર્યો, વેપાર છોડ્યો, કારખાના છોડ્યા, પત્નીને છોડી દીધી, ઉઘાડા પગે ચાલીએ છીએ, ગરમ પાણી પીએ છીએ, (તો પણ) ગુરુદેવ (તેમને સાધુ) માનતા નહોતા. હવે રહ્યા દિગંબર. દિગંબરમાં પણ જે ભાવલિંગી સંત હોય તેને જ માનતા હતા. નગ્ન થઈ ગયા એટલે સાધુ થઈ ગયા, એમ નહોતા માનતા. છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનધારી હોય, ૨૮ મુળગુણનું (પાલન કરતા હોય), તે રૂપ પવિત્રતા વગર તેમને સ્વીકારતા નહોતા. એટલે બધાં નારાજ થઈ ગયા. પછી જે ધાર્મિક અખબાર (છાપતા હતા તે લોકો) ગાળો લખવા લાગ્યા. 'કાનજી આવા છે... કાનજી આવા છે... કાનજી તેવા છે.' વળી તે અખબાર ગુરુદેવને પોસ્ટ કરતા હતા. ગુરુદેવ વાંચતા પણ હતા. પછી શું કહેતા હતા ખબર છે ? 'અરે... ભગવાન ! તને શું થયું છે?' શું કહેતા હતા ? ગાળો લખવાવાળાને શું કહેતા હતા ? કે, 'અરે...ભગવાન ! આ તને શું થયું છે ? તારા પરિણામ બગડે, કોઈને પણ અમારાથી દુઃખ પહોંચે એવું અમે ઈચ્છતા નથી.' તેને પણ ભગવાન કહીને બોલાવતા હતા. દ્વેષ નહોતો થતો. ગાળો લખવાવાળા પ્રત્યે પણ દ્વેષ નહોતો થતો. તેઓશ્રી તો તેમને પણ ભગવાનની નજરે જ જોતા હતા.

'મેં મારુ બધું છોડ્યું' અથવા અમારું હતુ તેનો ત્યાગ કર્યો' અથવા 'મારા પૈસાનું દાન આપ્યું' (આવુ કહેવાવાળા અને માનવાવાળાએ) મારાપણું રાખ્યું છે. છોડવાં છતાં પણ મારાપણું રાખ્યું છે. એટલેકે કાંઈ છોડ્યું જ નથી.

અહીં ખૂબ સુંદર વાત આવી છે કે, *''પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે.''*

મુમુક્ષુ :- ભાઈશ્રી ! વિપરીત અભિપ્રાયવાળા સાથે મને દ્વેષ થતો નથી તેનું checking કેવી રીતે કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકન કરે તો (ખબર પડે). દ્વેષ થાય તો દ્વેષના પરિણામ તો બહુ જ સ્થૂળ છે. દ્વેષ થવાથી શું થશે ? ક્રોધ આવશે. હવે ક્રોધના પરિણામ તો ઘણાં સ્થૂળ છે. અવલોકન કરવાથી (તરત) પકડાશે. (પરિણામમાં) જો મધ્યસ્થતા હશે તો કરુણા આવશે. શું આવશે ? (કરુણા આવશે). ગુરુદેવશ્રીનું દૃષ્ટાંત શું કામ આપ્યું? કે ગુરુદેવને ગાળો દેવાવાળા પ્રત્યે પણ કરુણા આવતી હતી કે, અરેરે...! બિચારા ગાળો આપે છે ત્યારે પણ દુઃખી છે અને ગાળો દેવાથી જે કર્મ બંધાય છે તે કર્મના ઉદયમાં પણ દુઃખી થઈ જશે. કોઈને પણ દુઃખ થાય એવું અમે ઈચ્છતા નથી. એ રીતે તેમના પ્રત્યે કરુણા કરતા હતા – કરુણા રાખતા હતા. કરુણા કરનારને દ્વેષ કે ક્રોધ નહીં આવે. જયારે દ્વેષ કે ક્રોધ કરનારને કરુણા નહીં રહે. આ રીતે, ખબર પડી જશે.

આપણે એવી અપેક્ષા રાખીએ કે, મારો જેવો અભિપ્રાય છે તેવો જ બધાંનો (અભિપ્રાય) થઈ જાય તો એ અણસમજણ છે. તે સમજદારી નથી. એવું ક્યારેય બનવાનું નથી. કૃપાળુદેવને એક માણસે પ્રશ્ન પૂછ્યો કે, તમે જૈનધર્મની પ્રશંસા કરો છો ને? (તો કૃપાળુદેવે કહ્યું) હા, કરીએ છીએ. શું કામ કરો છો ? કારણકે ઉચ્ચ સ્તરનો ધર્મ છે. (તેણે પૂછ્યું) ઉચ્ચ સ્તરનો એટલે શું ? સૌથી ઉચ્ચ સ્તરનો છે ? (તો કહ્યું) હા, વિશ્વમાં સૌથી ઉચ્ચ સ્તરનો છે. તો પેલાએ કહ્યું, જો વિશ્વમાં સૌથી ઉચ્ચ સ્તરનો ધર્મ આ છે તો તેને બધાં લોકો કેમ નથી માનતા ? થોડા લોકો જ માને છે અને બધાં લોકો કેમ નથી માનતા ? (તો કૃપાળુદેવે કહ્યું) એ ક્યારેય બનવાનું નથી. કેમ ? કારણકે બધાં સંસારીઓની મતિ 'કર્માનુસારી મતિ' છે. કેવી છે ? કર્માનુસારી મતિ છે. તેને જે કર્મનો ઉદય આવે છે, તેની પાછળ તેની મતિ કામ કરવા લાગે છે. જેવો ઉદય આવે છે તે પ્રકારની મતિ કામ કરે છે. (કૃપાળુદેવે) જવાબ તો પોતાની ભાષામાં આપ્યો કે, આ કર્મની બાહુલ્યતા છે. વિધવિધ પ્રકારના કર્મ ઉદયમાં આવે છે, ત્યારે તે તે પ્રકારની મતિ થઈ જાય છે. (કહેવાનું તાત્પર્ય એટલું છે કે) એવું ક્યારેય બનવાનું નથી. બનશે પણ નહીં. આપણામાં એટલી મધ્યસ્થતા હોવી જોઈએ અને એટલી સહનશીલતા હોવી જોઈએ. જો કોઈ આપણાથી વિરુદ્ધ અભિપ્રાય ધરાવતો હોય તો તેના પ્રત્યે પણ આપણે દ્વેષ ન કરીએ અને મધ્યસ્થતાથી તેનો વિચાર કરીએ કે, તેનું પણ કલ્યાણ કેવી રીતે થાય ? તે પણ સત્યને કેવી રીતે પ્રાપ્ત કરે ? તે પ્રકારનો આપણો attitude રહેવો જોઈએ.

અત્યારે તો સંસારમાં પણ એ વાત (મુખ્ય) થઈ ગઈ છે કે, 'સર્વધર્મસહિષ્ણુતા' (હોવી જોઈએ). શું શબ્દ પ્રયોગ છે ? 'સહિષ્ણુતા' શબ્દ છે. કોઈ મંદિર બનાવે, કોઈ મસ્જિદ બનાવે, તો કોઈ ગુરુદ્વારા બનાવે, કોઈ કાંઈક બનાવે, તો કોઈ કાંઈક બનાવે – બધાં સ્વતંત્ર છે. આપણે કોઈને હા કે ના કરી શકતા નથી. જેનો જેવો અભિપ્રાય હોય તેવું કામ કરશે. આપણે સહિષ્ણુતા રાખવી જોઈએ (એવુ લોકો બોલે છે). અમે મંદિર બનાવવા નહીં દઈએ, અમે મસ્જિદ બનાવવા નહીં દઈએ- એવી વાત તો સંસારી લોકો પણ કરતા નથી ! તો ધર્મમાં તો આ વાત હોવી જ ન જોઈએ કે, બધાંનો અભિપ્રાય અમારા અનુસાર હોય. (જે એવું માને છે) તે

દ્રવ્યની સ્વતંત્રતાને સ્વીકારતા નથી. બધાં જીવ સ્વતંત્ર છે.

આપણા જીવે અનંતવાર સમવસરણમાં જઈને પણ ભગવાનની આજ્ઞા માની નથી. જ્યારે ભગવાન તો પૂરા સમર્થ છે, સર્વજ્ઞ શક્તિના ધારક છે, અનંત ચતુષ્ટ્ય પ્રગટ કર્યા છે. પરંતુ આપણે પણ સ્વતંત્ર હતા (તો આજ્ઞા નથી માની) ! એ રીતે બધાં સ્વતંત્ર છે. કોઈની પણ સ્વતંત્રતા ઉપર તરાપ મારવી તે બરાબર નથી. એવુ ન થવું જોઈએ. આપણે તો ભણેલ-ગણેલ માણસો છીએ. વૈચારિક સ્વતંત્રતા હોવી જોઈએ. બધાં સમજે છે. બાપનો કાંઈક વિચાર હોય, દિકરાનો કાંઈક વિચાર હોય, પત્નીનો કાંઈક વિચાર હોય. બધાં પોતપોતાના વિચાર કરવા માટે સ્વતંત્ર છે. માટે કોઈની ઉપર દબાણ ન હોવુ જોઈએ. આપણું પણ કોઈની ઉપર (દબાણ) ન હોવુ જોઈએ.

મુમુક્ષુ :- કોઈ આપણા ઉપર દબાણ કરે તો?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ દબાણ કરે તો તેને સમજાવવું જોઈએ કે, આ દબાણ કરવા લાયક વાત નથી. કારણકે એ રીતે બનવાનું નથી. હું પણ સ્વતંત્ર જીવ છું. બધાં જીવ છે અને બધાં સ્વતંત્ર જીવ છે.

*“જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે કોઈને વિષે પુત્રપણુ ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી,...”* માઠું કર્યામાં મણા રાખી નથી - તેમાં ‘મ’ નું alliteration કર્યું છે. પુત્રપણું માનીને, પિતાપણું માનીને માઠું કરવામાં મણા રાખી નથી, બધી ગડબડ કરી છે. *“અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમજ કર્યું છે અને કોઈ જીવ હજુ સુધી તો પિતા-પુત્ર થઈ શક્યા દીઠા નથી.”* (જે) આજે પિતા છે તે કાલે પૌત્રના રૂપમાં આવશે. બાપ હોય કે દાદા હોય તે દિકરાનો દિકરો થઈ જાય. શું કરશો ? બની શકે છે કે, તે જ ઘરમાં તેનો જન્મ થઈ જાય. એવુ પણ બની શકે છે. (તેથી) કોઈ-કોઈનું કાંઈ છે, એવુ નથી. બધાં જીવ છે એમ માનવાનું છે. (અને જે બાહ્ય) વ્યવહાર છે, સંસારનો વ્યવહાર છે તે સંસારની રીતે ચાલે છે. તેમાં તો એમ જ ચાલવાનું છે. પરંતુ માન્યતામાં શું હોવુ જોઈએ ? તે વાત મુખ્ય છે. વ્યવહારની વાત અલગ છે, માન્યતાની વાત અલગ છે. આ વિષયમાં થોડી વિશેષ ચર્ચા લેશુ, અત્યારે સમય થયો છે.

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.



# 'માર્ગદર્શન'

–'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

પોતાના સહજસુખની પિપાસા હોવી જોઈએ; જેટલી તીવ્ર પિપાસા તેટલું કામ જલદી થાય છે. (૨૯૨)

*

આપણે તો આપણું સમજવું. બીજો કેવી રીતે સમજે છે, કેવી રીતે નહિ, તેનું શું પ્રયોજન ? બીજામાં રોકાશે તો પોતાનો કાળ વ્યર્થ ચાલ્યો જશે. (૩૦૨)

*

પ્રશ્ન :- સ્વ-પરની પ્રતીતિ કરવાનું તો શાસ્ત્રમાં આવે છે ને ?

ઉત્તર :- અરે, સ્વની પ્રતીતિ કરો ! પરની પ્રતીતિ (પરમાં નહિ, પરંતુ) તેમાં આવી જશે. પોતાની ખુદની પ્રતીતિ કરો. (૩૨૭)

*

પ્રશ્ન :- પક્ષ અહીં (સ્વરૂપમાં) આવ્યા વિના કઈ રીતે કરે ?

ઉત્તર :- અરે ભાઈ ! વિકલ્પાત્મક ભાવમાં (નિર્ણયમાં) તો આ પક્ષ કરો; પછી અહીં (સ્વરૂપમાં) જામી જાઓ. (૩૩૦)

*

પરિણામનો વિવેક તો, જે અનંત સુખી થવા ચાહે છે, તેને સહજ હોવો જોઈએ. (૩૫૭)

*

'પુરુષાર્થ કરું' 'જ્ઞાન કરું' તે અભિપ્રાય પણ હઠાવી દે. 'તું વર્તમાનમાં જ પુરુષાર્થની ખાણ છો' વર્તમાન પરિણામ પરની દૃષ્ટિ જુઠી છે. (૩૫૮)

*

એટલી માત્ર વાત છે - જે ઉપયોગ પરમાં ઝૂકે છે, તેને સ્વમાં ઝુકાવવાનો છે. (૩૭૭)


*

પ્રશ્ન : ઘરવાળાની બધી જાતની પ્રતિકૂળતા હોવાથી પોતાનું કામ કેમ કરવું ?

ઉત્તર : પોતાની અંદરમાં બેસીને પોતાનું કામ કરો ! તે પોતાનું કામ અંદરમાં બેસીને કરવામાં ન ઘરવાળા જાણશે અને ન બહારવાળા જાણશે. આપણે શું કરીએ છીએ અને ક્યાં છીએ, તે પણ કોઈ નહિ જાણે એ રીતે અંદરમાં પોતાનું કામ થઈ શકે છે. (૩૮૬)

*

# હું જ્ઞાયક છું. - એ પરિણતિ પ્રગટ કર !



**તત્ત્વચર્ચા** મંગલવાણી-સીડી-૧૫-A

**- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન**

પ્રશ્ન :- રુચિનું બળ એટલું આવવું જોઈએ કે ધીમે ધીમે આપણી પરિણતિ પલટાતી જાય.

ઉત્તર :- પલટાવાનો પ્રયત્ન આવી જાય અંદરથી. શ્રદ્ધા કરી બરાબર છે. એ શ્રદ્ધા કરીને ઊભો રહ્યો કે આ માર્ગ છે. પછી કાંઈ આગળ નથી જાતો. પણ એ આમ ઊંધો જ વધારે વયો જાય એ તો એને ન આવે. એ આ બાજુ જાવું છે. એટલે એને ધીરે ધીરે આ બાજુ જવાનો પ્રયત્ન આવે. ઓલી બાજુમાં તન્મય કેમ ન થાય ઓલા રસ્તે વધારે વયું ન જવાય એનો તો એને ખ્યાલ રહે. એટલે એ કર્તાબુદ્ધિમાં તન્મય થતાં હું જ્ઞાયક છું એ જાતનો પ્રયત્ન એને અંદર આવવો જોઈએ.

પ્રશ્ન :- કાંઈક થોડુંક પકડાય છે માતાજી. થોડું થોડું પકડાય છે. જ્ઞાયકની રુચિ વધતા આ તરફ એવું બળ એનું હોવું જોઈએ કે જેમાં કર્તાપણાની બુદ્ધિ એને છૂટી જવી જોઈએ.

ઉત્તર :- છૂટી જવી જોઈએ. કેટલાકને એવી જાતની રુચિ હોય, શ્રદ્ધા હોય કે કાંઈ પ્રયત્ન થાતો ન હોય તો રુચિ કરીને ઊભો છે શ્રદ્ધા કરીને. પણ શ્રદ્ધાનું બળ યથાર્થ થાય તો એને પરિણતિ પોતા તરફ વાળવાનો જ્ઞાયકરૂપે થવાનો પ્રયત્ન અંદર જિજ્ઞાસાપણે અભ્યાસરૂપે પણ આવવો જોઈએ. તો એ આગળ જાય છે. નહિતર ત્યાં ને ત્યાં ઊભો છે.

પ્રશ્ન :- નહિતર ત્યાં ને ત્યાં છે એટલે વિચારપૂર્વક જે નિર્ણય કરે ત્યાં ને ત્યાં ઊભો છે?

ઉત્તર :- હા. નિર્ણયમાં ઊભો છે. કર્તાબુદ્ધિનો થોડો રસ મંદ પડ્યો છે. અને એકત્વપણાનો રસ મંદ પડ્યો છે. એટલી શ્રદ્ધાથી રસ મંદ પડ્યો છે. પણ એને ભેદજ્ઞાનના અભ્યાસમાં હજી ગયો નથી.

પ્રશ્ન :- એ અભ્યાસ સહજ ચાલે તો એનો અર્થ કે શ્રદ્ધાનું બળ વધતું જાય છે?

ઉત્તર :- શ્રદ્ધાનું બળ વધતું જાય છે. એનો અભ્યાસ ચાલે છે.

પ્રશ્ન :- માતાજી! ભાવભાસનમાં શું થાય ?

ઉત્તર :- ભાવભાસન એટલે એ જ્ઞાયક છે. એ જ્ઞાયકનો ભાવ એને ભાસનમાં આવવો જોઈએ કે આ જ જ્ઞાયક છે. બીજો નહિ. આ જે વિકલ્પ બધા આવે છે તે નહિ. પણ આ જે જ્ઞાયક છે એ જ્ઞાયક તે જ હું છું. એવી જાતનો ભાવ અંદરથી, ચૈતન્યનો ભાવ એના ચૈતન્યનો સ્વભાવ એના ભાસનમાં આવવો જોઈએ. માત્ર જાણે. જે આ બહારનું જાણે એમ નહિ. જે સ્વયં જ્ઞાયક છે એનો સ્વયં ભાસ

એને આવવો જોઈએ કે આ સ્વયં જ્ઞાયક પોતે પોતાથી સ્વયં વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તે પોતે જ સ્વયં જ્ઞાયક છે. એ જ્ઞાયકનો ભાવ એને એના ભાસનમાં આવવો જોઈએ.

પ્રશ્ન :- ભાવભાસન થાય તો પુરુષાર્થ વધારે સહેલો બને?

ઉત્તર :- પોતાને ઓળખે એટલે પુરુષાર્થ એને સહેલો પડે છે. ઓળખે તો આગળ જાય ને? ઓળખ્યા વગર આગળ ક્યાંથી જાય? માર્ગને જાણે, સ્વભાવને ઓળખે તો એનો પુરુષાર્થ તે તરફ જાય. કે આ બાજુ જાવું છે તો એ બાજુ પંથ કાપવાનો પ્રયત્ન કરે. નહિતર રુચિ કરીને ઊભો છે એ ઠીક છે. પણ અભ્યાસ કરે તો એને જ્ઞાયક છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે કેમ થાય એ જાતનું અંતરમાંથી એને વેદન અને લગની આવવી જોઈએ. તો એ જાતનો પ્રયત્ન થયા વગર રહેતો નથી. પછી કોઈ ગોખવારૂપે કરી નાખે છે, કોઈ લુખ્ખારૂપે કરી નાખે છે કે હું તો જાણનાર છું. હું તો કાંઈ કરતો જ નથી. એની વાત નથી. પણ અંતરમાંથી જેને લાગી છે અને જ્ઞાયકનો ભાવ ગ્રહણ કરીને જે ઊભો છે અને પુરુષાર્થ કરે છે. તો એમાં કોઈવાર એને વિકલ્પરૂપ કોઈવાર ભાવભાસનરૂપ એવો પુરુષાર્થ એને ચાલ્યા કરતો હોય છે. વળી કોઈ એમ કહે કે હું તો જાણનાર. હું તો કાંઈ કરતો નથી. એમ લુખ્ખી વાત કરે એની વાત નથી.


પ્રશ્ન :- સંસારથી મોઢુ ફેરવવાની દાનત દેખાવી જોઈએ.

ઉત્તર :- એની દાનત દેખાવી જોઈએ સંસારથી મોઢું ફેરવવાની. તો એની સાચી રુચિ છે, તો એને શ્રદ્ધાનું બળ છે. દૃષ્ટિ એની સન્મુખ આમ હતી ઉન્મુખતા એ સન્મુખ પોતાતરફ એને જાવી જોઈએ. એ પંથ આ બાજુ કાપવાનો છે એમ અંદરથી લાગવું જોઈએ. રુચિ લાગવી જોઈએ. આ બાજુ હવે જવાનું નથી. હવે આ જડને પંથે કે આ પરપદાર્થને હું કરી શકનાર, વિભાવ અને રાગ-દ્વેષમાં એકત્વબુદ્ધિ ને એવા પંથમાં જવાનું નથી. હવે જ્ઞાયકના પંથે જવાનું છે. એવી રુચિ લાગવી જોઈએ અંતરમાંથી. જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. બીજે ક્યાંય આશ્ચર્ય નથી, બીજે ક્યાંય મહિમા નથી. બધું જગતમાં મળી ચૂક્યું છે. એક જ્ઞાયક મળ્યો નથી. જે 'ગુરુદેવે' સમજાવ્યું કોઈ અપૂર્વ વાત. બસ એ જ ગ્રહણ કરવા જેવું છે. એ જાતની એની દિશા, એનું મોઢું ફરી જાવું જોઈએ અંદર પોતા તરફ.

પ્રશ્ન :- સાચો નિર્ણય થયા પછી નિર્વિકલ્પ રુચિ પ્રગટ થતાં વચમાં આ બધો પ્રકાર ભજે છે કે ક્રમે ક્રમે એને મારું સુખ, મારું જ્ઞાન બધું મારામાં જ છે. એમ રુચિ વધતા વધતા આ પ્રમાણે સર્વથા રુચિ...

ઉત્તર :- જે આગળ જાય છે એ રીતે. અભ્યાસ કરતા. એકદમ થાતું નથી. એનો અભ્યાસ કરતા જાય છે. એકદમ અંતર્મુહૂર્તમાં થાય એ વાત જુદી છે. બાકી જે કરે છે એ અભ્યાસપૂર્વક આગળ જાય છે. એને જ્ઞાયકનું જોર વધતાં-વધતાં, એની જ્ઞાતાની ધારા વધતાં-વધતાં, એમાં એકાગ્રતા વધતાં-વધતાં વિકલ્પની આકુળતા ઓછી થાય અને જ્ઞાતામાં એકાગ્રતા વધતા-વધતા જ એના વિકલ્પ તૂટે છે. તો જ એને નિર્વિકલ્પદશા અને સ્વાનુભૂતિ અને સિદ્ધદશાનો અંશ જે અનુભવમાં આવે છે. એ આ છૂટો પડે તો જ આવે છે.

(તત્ત્વચર્ચાનો શેષ ભાગ આવતા અંકે...)



## - પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી
## રાજહૃદય !!

પત્રાંક - ૩૮૬

મુંબઈ, અષાડ વદ ૦)), ૧૯૪૮

પત્રો પ્રાપ્ત થયેલ છે. અત્ર ઉપાધિનામે પ્રારબ્ધ ઉદયપણે છે. ઉપાધિને વિષે વિક્ષેપરહિતપણે વર્તવું એ વાત અત્યંત વિકટ છે; જે વર્તે છે તે થોડા કાળને વિષે પરિપક્વ સમાધિરૂપ હોય છે.

સમાત્મપ્રદેશ સ્થિતિએ યથાયોગ્ય. શાંતિઃ

*

પત્રાંક - ૩૮૭

મુંબઈ, શ્રાવણ સુદ, ૧૯૪૮

જીવને સ્વસ્વરૂપ જાણ્યા સિવાય છૂટકો નથી; ત્યાં સુધી યથાયોગ્ય સમાધિ નથી. તે જાણવા માટે ઉત્પન્ન થવા યોગ્ય મુમુક્ષુતા અને જ્ઞાનીનું ઓળખાણ એ છે. જ્ઞાનીને જે યથાયોગ્યપણે ઓળખે છે તે જ્ઞાની થાય છે - ક્રમે કરી જ્ઞાની થાય છે.

આનંદઘનજીએ એક સ્થળે એમ કહ્યું છે કે,-

'જિન થઈ' 'જિનને' જે આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.

જિન થઈને એટલે સાંસારિક ભાવને વિષેથી આત્મભાવ ત્યાગીને, જે કોઈ જિનને એટલે કૈવલ્યજ્ઞાનીને  વીતરાગને આરાધે છે, તે નિશ્ચયે જિનવર એટલે કૈવલ્યપદે યુક્ત હોય છે. તેને ભમરી અને ઈયળનું પ્રત્યક્ષ સમજાય એવું દૃષ્ટાંત આપ્યું છે.

અમને પણ અત્રે ઉપાધિજોગ વર્તે છે; અન્યભાવને વિષે જોકે આત્મભાવ ઉત્પન્ન થતો નથી, અને એ જ મુખ્ય સમાધિ છે.

*

પત્રાંક - ૩૮૮

મુંબઈ, શ્રાવણ સુદ ૪, બુધ, ૧૯૪૮

'જગત જ્યાં સૂએ છે ત્યાં જ્ઞાની જાગે છે, જ્ઞાની જાગે છે ત્યાં જગત સૂએ છે. જગત જાગે છે, ત્યાં જ્ઞાની સૂએ છે.' એમ શ્રીકૃષ્ણ કહે છે.

આત્મપ્રદેશ સમસ્થિતિએ નમસ્કાર.

પત્રાંક - ૩૮૯

મુંબઈ, શ્રાવણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

અસત્સંગમાં ઉદાસીન રહેવા માટે જીવને વિષે અપ્રમાદપણે નિશ્ચય થાય છે, ત્યારે 'સત્જ્ઞાન' સમજાય છે; તે પહેલાં પ્રાપ્ત થયેલ બોધને ઘણા પ્રકારના અંતરાય હોય છે.

જગત અને મોક્ષનો માર્ગ એ બે એક નથી. જેને જગતની ઈચ્છા, રુચિ, ભાવના તેને મોક્ષને વિષે અનિચ્છા, અરુચિ, અભાવના હોય એમ જણાય છે.

*

પત્રાંક - ૩૯૦

મુંબઈ, શ્રાવણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

ૐ નમઃ

આત્મરૂપ શ્રી સુભાગ્ય પ્રત્યે,

નિષ્કામ યથાયોગ્ય.

જે ઉપાર્જિત કર્મ ભોગવતાં ઘણો વખત ભાવિમાં વ્યતીત થશે, તે બળવાનપણે ઉદયમાં વર્તી ક્ષયપણાને પામતાં હોય તો તેમ થવા દેવા યોગ્ય છે, એમ ઘણાં વર્ષનો સંકલ્પ છે.

વ્યાવહારિક પ્રસંગ સંબંધી ચોતરફથી ચિંતા ઉત્પન્ન થાય એવાં કારણો જોઈને પણ નિર્ભયતા, આશ્રય રાખવા યોગ્ય છે. માર્ગ એવો છે.

અમે વિશેષ હાલ કંઈ લખી શકતા નથી, તે માટે ક્ષમા માગીએ છીએ અને નિષ્કામપણે સ્મૃતિપૂર્વક નમસ્કાર કરીએ છીએ. એ જ વિનંતી.

નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી,
અનુભવ વિણ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નર નારી રે, ભવિકા૦

---

મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત.

*

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.
શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩

# જ્ઞેયોની સાવધાની જ્ઞાનને ભૂલાવે છે!!

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



*'પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો.'* માત્ર સાંભળી લેવું એમ નહીં પણ પોતાના જીવનમાં અથવા ઉદય પ્રસંગોમાં એનો પ્રયોગ કરવો કે, આ સમજણ કેવી રીતે લાગુ પડે છે અને ઉદયથી કેવી રીતે જુદાં પડવાનું છે ? એનો પ્રયોગ કરવો.

પ્રશ્ન : અત્યારે આ વાંચનનો ઉદય છે એમાં શું કઈ રીતે કરવું ?

સમાધાન : એમાં પણ જ્ઞાયકનું લક્ષ રાખવું. આવશે નીચે જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક. જ્ઞાયકની રુચિ અને જ્ઞાયકનું લક્ષ રાખવું. વચન છે એને જ્ઞેય નહીં બનાવવું પણ જાણનારને જ્ઞેય બનાવવું અથવા જે સંભળાઈ રહ્યાં છે એવા જે વચન, કર્ણેન્દ્રિયનો વિષય છે ને? વચન છે એ કર્ણેન્દ્રિયનો વિષય છે. એ કર્ણેન્દ્રિયના વિષયરૂપ વચનોથી હું જ્ઞાયક પદાર્થ ભિન્ન છું. એમ જ્ઞાયકના લક્ષે એણે ભેદજ્ઞાન કરવું. એનાથી પણ ભિન્ન છું.

માણસ જમવા બેસે છે ત્યારે પહેલેથી એવો વિચાર રાખે છે કે, આમાં મીઠું નાખ્યું હશે કે નહીં નાખ્યું હોય ? આપણે નક્કી કરીને પછી ખાવાનું શરૂ કરીએ. એ તો સીધો જેવો પહેલો કોળિયો લ્યે છે એટલે તરત જ મીઠું ન હોય તો એનું જ્ઞાન હાજર થાય છે. મીઠું રહી ગયું લાગે છે. મીઠાની તપાસ કર્યા વિના પણ કેમ લક્ષ ગયું ? કે આમાં મીઠું નથી ને મોળું છે ? આ તપાસવા માટેનો વિચાર પણ નહોતો. અને છતાં સીધું સ્વાદમાં આવતા 'મીઠું નથી' એમ સીધી light ક્યાંથી થઈ? એ જ્ઞાન હાજર થયું. એમ ગમે તે રસોઈ હોય, ગમે તે અનેક જાતના ફરસાણ હોય, શાક હોય જેમાં મીઠું વપરાય છે, દાળ હોય એમાં ક્યાંય પણ મીઠું ન હોય તો તરત એને ખબર પડે. મીઠાની ગેરહાજરી એને જણાઈ આવે છે. પણ આ બધા પદાર્થોને સર્વ કાળે જાણી રહ્યો છે એવા જ્ઞાનની ગેરહાજરી કાં જણાતી નથી હું જ્ઞાનસ્વરૂપે મોજૂદ છું, હાજર છું એ વાત એ કેમ ચૂકી જાય છે ? એક પણ ચીજની અંદર મીઠું ઓછું હોય તો ભૂલતો નથી અને આ જે સર્વ કાળે જાણ્યા જ કરે છે ને જેની હાજરીમાં – ઉપસ્થિતિમાં જ 'બધું છે' એમ ખ્યાલ આવે છે, એ ઉપસ્થિતિને જ કેમ ભૂલે છે ? આ એક વિચારવા યોગ્ય સ્થાન છે, આ સ્થાનને વિચારવું જોઈએ. જ્યાં સુધી ભૂલી રહ્યો છે ત્યાં સુધી એ ભૂલ કેમ થાય છે ? ત્યાં જરાક બરાબર ચીકાશ રાખીને, ચીકણો થઈને એ વાતને તપાસે. માણસ નથી કહેતા કે, ભાઈ ! આ બાબતમાં બહુ ચીકણો માણસ છે. એ વાત મૂકી ન શકે, એ વાતને જલદી છોડી ન શકે. એમ આ વાત એણે એટલી બધી ચીકાશથી પકડવી જોઈએ કે, આ કેમ થાય છે ? જ્ઞાનને કે જે સર્વને જાણનાર છે એને જ

એને જ ભૂલી જવાય છે ! જેની હયાતીમાં બધું જણાય છે એને જ ભૂલવામાં આવે છે ! આ કઈ જાતની વાત છે ? આવું કેમ બને છે ?

એવું બને છે એનું સીધું કારણ છે કે, એ જણાય છે એવા જ્ઞેય પ્રત્યે એનું એટલું આકર્ષણ છે ને એટલી નિષ્ઠા છે કે જ્ઞેયનિષ્ઠ જ્ઞાન જ્ઞાનને ભૂલે છે અને જ્ઞેયમાં સાવધાન રહે છે. જ્ઞેયોની સાવધાની જ્ઞાનને ભૂલાવે છે. જેમાં જણાય છે એની બેસાવધાની છે, એની અસાવધાની છે અને જણાય છે એવા પદાર્થ પ્રત્યેની સાવધાની છે. એ ઊંધું છે, એ વિપરીતતા છે, ઊંધાઈ છે જીવની અને ત્યાંથી મિથ્યાત્વ ઊભું થાય છે.

એટલે એમ કહે છે કે, બરાબર પ્રયોગ કરવો. 'હું જાણનાર છું' એ વાતને રુચિપૂર્વક મુખ્ય કરવી. જાણનારની રુચિથી જ્ઞાયકને મુખ્ય કરવો અથવા નિયમ પણ એવો જ છે કે, જેની રુચિ હોય એ જ વિષય મુખ્ય થાય. એ વિષયને કોઈ ગૌણ કરવા ચાહે તોપણ થઈ શકે નહીં. એવી વસ્તુ વિજ્ઞાનની એક કુદરતી જ પરિસ્થિતિ છે. જેની રુચિ હોય એની મુખ્યતા રહે, જેની મુખ્યતા રહે એની જીવને રુચિ હોય. રુચિ તપાસવી હોય તો અહીંથી તપાસી શકાય છે. નહીંતર સીધી ખબર પડતી ન હોય કે મારી રુચિ ક્યાં કામ કરે છે તો એને શેની મુખ્યતા વર્તે છે ? એના ઉપર એની રુચિ ક્યાં કામ કરે છે એ વાત એને બરાબર પકડાય છે.

પ્રશ્ન : પ્રયોગ કરવો એટલે તપાસવું ? અવલોકન કરવું ?

સમાધાન : પ્રયોગ કરવો એટલે લાગુ કરવું. વચનામૃતોમાં જે કહેવા માંગે છે એની સમજણ તો થાય છે ક્ષયોપશમ છે એટલે. એ સમજણને લાગુ કરવી, સમજણને લાગુ કરવી એનું નામ પ્રયોગ છે. એક દૃષ્ટાંત લઈએ કે, રાગ દુઃખરૂપ છે એમ કહ્યું. આપણે સંમત પણ કરી લીધું કે, ઠીક છે રાગ દુઃખરૂપ છે, પણ હવે ચાલતો રાગ દુઃખરૂપ છે એ વાત પોતાની સમજણથી લાગુ થાય છે ? સમજણમાં એ દુઃખ જણાય છે ? દુઃખ ન જણાય તો એને ભૂલ થાય છે, જાણવામાં ભૂલ થાય છે, સમજવામાં ભૂલ થાય છે, ઓલું સમજેલું નકામું જાય છે અને કેટલોક રાગ સુખરૂપ લાગે છે, મીઠાશ લાગે છે. એ મીઠાશને જે વેદે છે એમાં બહુ મોટી ભૂલ પડે છે. એકદમ ઊંધું થઈ જાય છે. જે દુઃખ છે એ જ સુખરૂપ લાગે તો એને એ વિષયની અંદર એને જ્ઞાન સાથે, અકષાય સ્વભાવ સાથે મીંઢવે તો એને દુઃખ છે કે સુખ છે એનો ખ્યાલ આવ્યા વિના રહે નહીં.

એક ચીજ – આ દ્રાક્ષ છે. કોઈપણ ખાટી–મીઠી એવી ભાવતી ચીજ છે. (એને) ખાવા માટે જીભ ઉપર મૂકી. સારી લાગી, દ્રાક્ષ બહુ સારી છે. તો પ્રયોગ એ કરવાનો છે કે એ જ્ઞાનનું જ્ઞેય છે ? કે, એ સારું છે કે નરસું છે ? કડવી દવા ખાધી. કડવી છે પણ ખાવી પડે છે, કડવું કાંઈ સારું લાગતું નથી. પાછું એ જ કારેલાનું શાક ખાય ત્યારે મીઠાશથી ખાય પાછો. કેરીના રસ સાથે આ કારેલાનું શાક સારું લાગે છે. કડવું છે ને ! કડવું છેને ક્યાંથી સારું લાગ્યું ? કડવો સ્વાદ સારો છે ? કડવો સ્વાદ સારો પણ નથી ને ખરાબ પણ નથી, માત્ર જ્ઞાનમાં જણાવા યોગ્ય છે એવો કાંઈ પ્રયોગ કર્યો ? એ બધા ઉદયના પ્રસંગો

છે, રોજના ઉદયના પ્રસંગો છે. આહાર લેવો – જમવું એ તો રોજનો ઉદયનો પ્રસંગ છે. આ સારું લાગે છે, આ સારું લાગે છે. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે ઈષ્ટ અને અનિષ્ટ, ઈષ્ટ અને અનિષ્ટ થયા જ કરે છે. એ કોઈ પદાર્થો ઈષ્ટ-અનિષ્ટ નથી પણ આ જીવ એમાં ઈષ્ટ-અનિષ્ટપણાની માત્ર કલ્પના કરે છે અને કલ્પના માત્ર એવા પદાર્થોની અંદર ઈષ્ટ-અનિષ્ટપણું કરીને પોતાના જ્ઞાયક સ્વભાવને ભૂલવાનું કાર્ય કરે છે. મોટી તકલીફ એમાં એ છે કે, ઈષ્ટ અનિષ્ટપણું કરતા પોતાને ભૂલે છે અને દર્શનમોહને તીવ્ર કરે છે. ઈષ્ટ-અનિષ્ટપણું કરતા દર્શનમોહને વધારે છે અને એટલું મોટું નુકસાન કરે છે કે, સ્વરૂપની નજીક આવવામાં એ બધું પરિણમન એને મુશ્કેલી ઊભી કરશે, આડશ ઊભી કરશે, દીવાલ ઊભી કરશે, અંતરાય ઊભો કરશે. એ વાત એને સમજમાં આવતી નથી.

પ્રશ્ન : એ એક સામા પક્ષની વાત કરી, હવે જ્ઞાની કઈ રીતે કરે છે ?

સમાધાન : એટલે એને પ્રયોગ કેમ કરવો એ વિષય ચાલે છે. જ્ઞાની પ્રયોગ કરે છે કે, હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. કોઈ પદાર્થ આ આત્માને ઈષ્ટ-અનિષ્ટપણે કેમ હોય શકે ? આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને સદાય જ્ઞાનસ્વરૂપ રહે છે. અવિકૃત એવું એનું સ્વરૂપ છે. ઈષ્ટ-અનિષ્ટપણાની વિકૃતિ એ સ્વરૂપથી તદ્દન વિરુદ્ધ ચીજ છે. એટલે પોતે પોતાના જ્ઞાતા-દૃષ્ટા ભાવમાં રહે છે. જ્ઞાની ક્યાં રહ્યાં છે ? કે, જ્ઞાતા-દૃષ્ટા ભાવમાં રહ્યાં છે – સંયોગમાં નથી, રાગમાં નથી. બાહ્ય દૃષ્ટિથી દેખાય છે કે, એને આવો સંયોગ છે ને એને આવો રાગ થાય છે, પણ ત્યાં એ ઊભા નથી. એ પોતાનું સ્થાન, પોતાનું આસન, પોતાની સ્થાપના એમણે પોતાના સ્વભાવમાં કરી છે અને એ સ્વભાવમાં જ રહેલા છે, ક્યાંય બીજે રહ્યાં નથી.

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૧૩૮, 'અધ્યાત્મ સુધા' ભાગ-૪, તા.-૨૦-૬-૧૯૮૭, પ્ર.ક્ર.-૧૦૨, પાનું – ૨૧૦ થી ૨૧૩)

*

## વિનમ્ર અપીલ


"સ્વાનુભૂતિપ્રકાશ" માસિક પત્રિકા છેલ્લા ૨૫ વર્ષથી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની પ્રેરણાથી હિન્દી તથા ગુજરાતીમાં સૌને ભેંટ મોકલવામાં આવે છે. જેની પાછળ કોઈને કોઈ પાત્ર જીવના આત્મકલ્યાણની એકમાત્ર વિશાળ ભાવના નિહિત છે.

જો આ પત્રિકાનો આપને ત્યાં અથવા આપની આસપાસના સમુદાયમાં સદ્ઉપયોગ ન થઈ શકતો હોય અથવા સંભવિત અવિનય કે અશાતના થતી જણાય તો અમોને જાણ કરવા વિનંતી અથવા એડ્રેસ સહિત જે તે પત્રિકા અમોને પરત મોકલી આપવી કે જેથી કરી તે સરનામા ઉપર પત્રિકા મોકલવી બંધ કરી શકાય. ટ્રસ્ટની આ વ્યવસ્થામાં આપનો સહકાર અપેક્ષિત છે.

આભાર

સંપર્કઃ શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ    નીરવ વોરા મોઃ ૯૮૨૫૦૫૨૯૧૩

# મુનિહ્રદયથી પ્રવાહિત આત્મસ્વરૂપના અમૃત...



* દ્વાદશાંગકા તથા હરએક પૂર્વકા સાર યહી કહા ગયા હૈ કિ યદ્યપિ મેરા આત્મા શરીર સહિત હૈ તથાપિ નિશ્ચયસે યહ આત્મા પરમાત્મા હૈ ઐસા જાનના યોગ્ય હૈ. ૮

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૭૬)

* જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે, જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠગુણોથી અલંકૃત છે. ૯ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૭)

* યહ આત્મા હી નિશ્ચયસે શ્રી જિનેન્દ્ર પરમાત્મા હૈ. હે ભાઈ! તારણતરણસ્વરૂપ જિનેન્દ્રદેવ જિસકો જિન કહતે હૈં ઐસે અપને આત્મારૂપી જિનભગવાનકા ધ્યાન કરો. યહ આત્મા હી નિશ્ચયસે તારણતરણ અરહંત પરમાત્મા હૈ. ૧૦ (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૩૪૯)

* મેરા આત્મા પરમાત્મા હૈ, પરમજ્યોતિ પ્રકાશસ્વરૂપ હૈ, જગતમેં જયેષ્ઠ હૈ, મહાન હૈ; તો ભી વર્તમાન દેખને માત્ર રમણીક ઔર અંતમેં નીરસ ઐસે ઈન્દ્રિયોંકે વિષયોંસે ઠગાયા ગયા હૂં. ૧૧

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ-૩૧, શ્લોક-૮)

* હે ભવ્ય! જ્યારે સ્ફટિકમણિની જિનમૂર્તિસમાન અંતરમાં પોતાના શુદ્ધાત્માને તું ભાવીશ ત્યારે કર્મજાળ આપોઆપ ક્ષણમાં કટ થઈ જશે, અને આત્મભાવોમાં તું પરિશુદ્ધ થઈશ. ૧૨

(શ્રી નેમીશ્વર-વચનામૃત શતક, શ્લોક-૩૮)

* અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ - એ પાંચે પરમેષ્ઠીઓ આ આત્માના જ પરિણામ છે. તેથી આત્મા જ મને શરણ છે. ૧૩ (શ્રી કુંદકુંદ આચાર્યદેવ, બાર-અનુપ્રેક્ષા, ગાથા-૧૨)

* હે ઉત્તમ મતિમાન! 'શુદ્ધચિદ્રૂપોહં', શુદ્ધ ચિદ્રૂપ હું (છું) એ છ અક્ષરોને તું નિરંતર વિચાર. તે સદ્‌વિચારણાથી તને સારી રીતે સમજાશે કે એ શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ એ જ સંસારમાં સર્વ તીર્થમાં ઉત્તમ તીર્થ છે, શાસ્ત્રજ્ઞાનરૂપ સમુદ્રમાં ઉત્પન્ન થયેલું શીઘ્ર ગ્રહણ કરી લેવા યોગ્ય ઉત્તમ અમૂલ્ય રત્ન છે, સર્વ સુખનું નિધાન છે, મોક્ષપદમાં પહોંચાડનાર ત્વરિત ગતિવાળું વાહન છે, કર્મના સમૂહરૂપ ધૂળને દૂર કરવા વાયુનો વંટોળ છે અને સંસાર-પરિભ્રમણરૂપ વનને બાળી ભસ્મ કરવા અગ્નિ છે; એમ તું નિશ્ચયે જાણ. ૧૪ (શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૨, ગાથા-૭)

**('પરમાગમ-ચિંતામણિ' માંથી સાભાર ઉદ્ધૃત)**

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition : **1240**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

9374825041